

# ફાસ્ટ બોલરોનું ફોર્મ અને ફિટનેસ LSG માટે ચિંતાનો વિષય

# PSL માટે નકવીની શેખી વચ્ચે રોજ નવી સમસ્યા ઊભી થતી જાય છે

**પશ્ચિમ એશિયા કટોકટીને કારણે PSL બંધ બારણે યોજવાની મોહસીન નકવીએ જાહેરાત તો કરી પણ એક તરફ કેટલાક વિદેશી ખેલાડી PSL કોન્ટ્રાક્ટ તોડીને IPL રમવા જઇ રહ્યા છે ત્યારે બીજી તરફ પાકિસ્તાનના વિપક્ષી સશસ્ત્ર જૂથે વિદેશી ખેલાડીઓને ટૂર્નામેન્ટમાંથી ખસી જવાની ધમકી આપી છે ત્યારે હવે નકવીએ તેને શાખનો મુદ્દો બનાવીને PSLનું ગમે તે ભોગે આયોજન કરવાનું નક્કી તો કર્યું છે પણ જો વિદેશી ખેલાડીઓ નહીં આવે તો શું તેનો કોઇ જવાબ નથી.**

એક તરફ પાકિસ્તાન સુપર લીગમાંથી કેટલાક વિદેશી ખેલાડીઓએ પોતાના કોન્ટ્રાક્ટ રદ કરીને આઈપીએલની ફ્રેન્ચાઇઝીમાં સામેલ થઇ રહ્યા છે ત્યારે તેમની સામે કાનૂની કાર્યવાહી કરવાની ધમકી આપનારા મોહસીન નકવી આ મામલે એવી શેખી મારે છે કે તેમાં એ ગ્રેડના વૈશ્વિક ક્રિકેટર સામેલ થઇ રહ્યા છે પણ તેઓ એ ભુલી જાય છે કે આ એ તમામને IPL ઓક્શનમાં ખરીદવામાં કોઈએ રસ ન બતાવતા તેઓ નાછૂટકે PSL ભણી વળ્યા છે, તેમાં હવે પાકિસ્તાન સશસ્ત્ર જૂથે વિદેશી અને હવે પાકિસ્તાનના વિપક્ષી સશસ્ત્ર જૂથ દ્વારા આ લીગ રમવા માટે આવનારા વિદેશી ખેલાડીઓને ધમકી આપી તેમાંથી ખસી જવાની ચેતવણી આપતા નવો જ મુદ્દો ઊભો થયો છે. પાકિસ્તાનના વિપક્ષી સશસ્ત્ર જૂથ, જમાત-ઉલ-અહરારે એક જાહેર નિવેદન બહાર પાડીને ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ ડેવિડ વોર્નર, સ્ટીવ સ્મિથ, ન્યૂઝીલેન્ડના ડેરિલ મિચેલ સહિતના વિદેશી ખેલાડીઓને ધમકી આપવામાં આવી છે કે તેઓ ટુર્નામેન્ટમાંથી ખસી જવા અથવા ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે.



ખેલાડીઓને PSLમાંથી ખસી જવાની ચેતવણી આપી છે. વળી હાલની પશ્ચિમ એશિયાની કટોકટીને પગલે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ પાકિસ્તાન સુપર લીગની આ સિઝન બંધ બારણે અર્થાત પ્રેક્ષકોની ગેરહાજરીમાં માત્ર બે સ્થળોએ આયોજીત થશે. હવે આ સ્થિતિમાં તહરીકે તાલિબાન પાકિસ્તાન (TTP)ના જૂથે આપેલી ધમકીથી વિદેશી ખેલાડીઓ ડરશે તો PSLના આયોજન સામે સવાલ ઊભો થઇ શકે છે.

હાલમાં તો આગામી 26 માર્ચથી શરૂ થનારી પાકિસ્તાન સુપર લીગ (PSL) ગલ્ફ વોર વચ્ચે પેટ્રોલ જેવા સંસાધનોને બચાવવા માટે તે ફક્ત બે સ્થળોએ બંધ બારણે અર્થાત પ્રેક્ષકોની ગેરહાજરીમાં રમાશે એવી રવિવારે પાકિસ્તાન ક્રિકેટ ચીફ મોહસીન નકવીએ જાહેરાત કરી હતી અને તેમણે લીગ છોડીને ઇન્ડિયન પ્રીમિયર લીગ સાથે જોડાનારા વિદેશી ખેલાડીઓ સામે કાનૂની પગલાની વાત કરી હતી

તેમણે જણાવ્યું હતું કે જો ખેલાડીઓ ટી-20 લીગમાં રમવા માટે પાકિસ્તાન જશે તો તેમની સલામતીની ખાતરી આપવામાં આવશે નહીં. તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી) જૂથ જમાત-ઉલ-અહરારના એક વરિષ્ઠ કમાન્ડરે સન્ડે ગાર્ડિયનને જણાવ્યું હતું કે, અમે ક્રિકેટ બોર્ડને સલાહ આપવા માંગીએ છીએ કે તેઓ તેમના ખેલાડીઓને પાકિસ્તાન ન મોકલે. જો તેમને કંઈ થશે તો અમે જવાબદાર રહીશું નહીં. અમે પહેલાથી જ ચેતવણી આપી દીધી છે. આ સંબંધે પાકિસ્તાનના ક્રિકેટ અધિકારીઓએ કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી.

પાકિસ્તાન સુપર લીગ (PSL)માં બાંગ્લાદેશના ખેલાડીઓ સુરક્ષા ચિંતાઓને કારણે રમવા આવે તેવી સંભાવના ઓછી છે. બાંગ્લાદેશના યુવા અને રમતગમત રાજ્યમંત્રી અમીનુલ હકે રવિવારે સ્પષ્ટતા કરી હતી કે જો સુરક્ષા ચિંતાઓ ચાલુ રહેશે, તો બાંગ્લાદેશના ક્રિકેટરો પાકિસ્તાન સુપર લીગની આગામી સીઝનમાં ભાગ લેશે નહીં. અમીનુલે કહ્યું કે સરકાર ખેલાડીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપશે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ તરફથી ઔપચારિક માહિતી મળ્યા પછી જ તેઓ કાર્યવાહી કરશે. બાંગ્લાદેશી ખેલાડીઓને એનઓસી તો મળ્યા છે પણ સરકારની મંજૂરી મળશે તો જ તેઓ રમવા જશે. એક વિશ્વસનીય સૂત્રના જણાવ્યા અનુસાર, PCB માત્ર ખેલાડીઓ દ્વારા કરારના ભંગનો સામનો કરી રહ્યું નથી, પરંતુ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ઊભા થયેલા સંજોગોને કારણે કેટલાક ખેલાડીઓ દ્વારા છેલ્લી ઘડીની ફી વધારાની માગણીઓથી પણ પરેશાન છે.

સૂત્રએ જણાવ્યું કે પીસીબી હાલમાં PSLના સમયપત્રક મુજબ આયોજન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને હજુ સુધી પાછી ખેંચી લેનારા વિદેશી ખેલાડીઓ સામે કોઈ કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો નથી. જે ખેલાડીઓએ પોતાના નામ પાછા ખેંચી લીધા છે તેમના પર બે થી ચાર વર્ષનો પ્રતિબંધ લાદવા અંગે આંતરિક ચર્ચાઓ થઈ છે, પરંતુ ચિંતા એ છે કે આવા પગલાં ભવિષ્યમાં ટોચની વિદેશી પ્રતિભાઓને PSL ફ્રેન્ચાઇઝીઓ સાથે કરાર કરતા રોકી શકે છે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે રવિવારે જણાવ્યું હતું કે ઈરાન-અમેરિકા-ઇઝરાયલ યુદ્ધને કારણે આ ક્ષેત્રમાં તણાવને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન સુપર લીગનો પ્રથમ તબક્કો પ્રેક્ષકો વિના બંધ બારણે રમાશે. સાથે જ પીસીબી ચીફ મોહસીન નકવીએ PSL છોડીને આઈપીએલ રમવા જનારા ખેલાડીઓ સામે કાનૂની કાર્યવાહીની ધમકી ઉચ્ચારી હતી. નકવીએ એમ પણ કહ્યું હતું કે PSLની આ સીઝન ફક્ત કરાચી અને લાહોરમાં જ રમાશે.

**ટુ ધ પોઈન્ટ**

PSL એક ઈન્ટરનેશનલ બ્રાન્ડ છે અને અમારું ગૌરવ છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના વડા મોહસીન નકવીએ એવી શેખી મારી હતી કે જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય ખેલાડીઓનો સવાલ છે.

આ વર્ષે PSL માટે આવનારા ખેલાડીઓ પર નજર નાખો તો લિસ્ટ-એ ખેલાડીઓ PSLમાં જોડાયા છે. પાછલા કેટલાક વર્ષોની તુલનામાં આ વર્ષે ખેલાડીઓમાં કેટલો તફાવત છે તે જુઓ. નકવીએ આવું માર્નસ લાબુશેન, સ્ટીવ સ્મિથ અને ગ્લેન મેક્સવેલ PSLમાં જોડાયા તે માટે કહ્યું હતું પરંતુ હકીકત એ છે કે આ તમામને આઈપીએલ મીની ઓક્શનમાં કોઇએ ખરીદવામાં રસ બતાવ્યો નહોતો.

લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) માટે ગત સિઝન એટલી સારી રહી નહોતી અને ઋષભ પંતનું ટીમ સાથેનું સૌથી મોંઘું જોડાણ પણ તેમને કામે લાગ્યું નહોતું. IPLની નવી સિઝનમાં ટીમ પાસે વાનંદુ હસરંગા, એનરિક નોર્કીયા અને મોહમ્મદ શમીના રૂપમાં આંતરરાષ્ટ્રીય બોલિંગ વિકલ્પો છે, પરંતુ હસરંગા અને નોર્કીયામાંથી ફક્ત એક જ ખેલાડી પ્લેઇંગ ઈલેવનનો ભાગ હશે. સ્પિન-ફ્રેન્ડલી પીચો પર હસરંગાને ટીમમાં સામેલ કરી શકાય છે, જ્યારે ફ્લેટ પીચો પર નોર્કીયા વધુ સારો વિકલ્પ રહેશે. જો કે હસરંગાની ફિટનેસ હજુ સાબિત થઇ નથી અને તે રમશે કે કેમ તે પણ નક્કી નથી. શમી પગની ઘૂંટીની સર્જરીને કારણે IPL 2024 ચૂકી ગયો હતો અને છેલ્લી સિઝન નિરાશાજનક રહી હતી. તેણે સનરાઇઝર્સ હૈદરાબાદ માટે નવ મેચમાં ફક્ત છ વિકેટ લીધી હતી. તે 2025 સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ફોર્મમાં પાછો ફર્યો, સાત મેચમાં 8.90ના ઈકોનોમી રેટથી 16 વિકેટ લીધી. LSG આશા રાખશે કે શમી IPLમાં ટોચના ફોર્મમાં પ્રવેશ કરશે.


LSG ના ટોચના 4 ખેલાડીઓમાં ભાગ્યે જ કોઈ ફેરફાર થશે, પરંતુ જો એડન માર્કરમ, મિચેલ માર્શ અથવા નિકોલસ પૂરન ઈજાગ્રસ્ત થાય અથવા ફોર્મમાં ન હોય તો જોશ ઇંગ્લિસને તક આપવામાં આવી શકે છે. મેદાનની બહાર, LSG એ ટોમ મૂડીને ટીમના ગ્લોબલ ડિરેક્ટર ઓફ ક્રિકેટ સ્ટ્રેટેજી તરીકે નિયુક્ત કર્યા છે. મૂડીને IPLમાં બહોળો અનુભવ છે, અને LSG તેનો લાભ મેળવી શકે છે. બધાની નજર કેપ્ટન અને બેટ્સમેન બંને તરીકે રિષભ પંત પર રહેશે. IPL 2025 પંત માટે નિરાશાજનક સિઝન રહી, તેણે આખી સિઝન દરમિયાન ફક્ત 202 રન બનાવ્યા, જેમાંથી 118 રન એક જ ઈનિંગમાં બનાવ્યા. તેણે 2024થી ભારતની T20I ટીમમાં સ્થાન મેળવ્યું નથી, અને તે તેના પુનરાગમન માટે સંપૂર્ણપણે તૈયાર રહેશે. ગયા વર્ષે સ્પિન સામે પંતની નબળાઈ સ્પષ્ટ હતી. સ્પિન સામે તેનો સરેરાશ ૧૯.૫ હતો અને તેણે ફક્ત ૧૧૧.૪૨ ના સ્ટ્રાઇક રેટથી રન બનાવ્યા હતા, જ્યારે ઝડપી બોલિંગ સામે તેનો રેકોર્ડ ૨૭.૨૮ અને ૧૪૪.૬૯ હતો. જ્યારે તેની પાસે ચોથા ક્રમેથી ઉપર જવાની તક છે, માર્શ, માર્કરામ અને પૂરણ માટે તે મુશ્કેલ લાગે છે.

પંતની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી થોડા સમય માટે ગેરહાજરી ફાયદાકારક સાબિત થઈ શકે છે, કારણ કે તે યુવરાજ સિંહ સાથે તેની બેટિંગ પર કામ કરતો જોવા મળ્યો છે. LSG આશા રાખશે કે પંત આ સિઝનમાં ફોર્મમાં પાછો ફરશે.

**સ્પેશિયલ રિપોર્ટ**

**લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) ગત સિઝનમાં 14 મેચમાંથી છ જીત સાથે પોઈન્ટ ટેબલમાં સાતમા સ્થાને રહી હતી. 2025ની એ સિઝનના બીજા ભાગમાં સતત ચાર હારથી LSG ટીમને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ વર્ષે પંત પર બધાની નજર રહેશે**

# IPLના કમનસીબ ક્રિકેટર્સ, 100થી વધુ મેચ રમવા છતાં ટ્રોફી ન જીતી શક્યા



IPLની 19મી સીઝનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આ તમે વાંચતા હશો તેના બીજા દિવસથી અર્થાત 28 માર્ચે, ઈન્ડિયન પ્રીમિયર લીગ 2026 શરૂ થશે, અને લગભગ બે મહિના સુધી, 10 ટીમો ટ્રોફી જીતવા માટે પ્રયત્નશીલ રહેશે. આ ટુર્નામેન્ટની અઢાર સીઝન રમાઈ ચૂકી છે, પરંતુ કેટલાક ખેલાડીઓ એવા કમનસીબ રહ્યા છે કે તેઓ ઘણી સિઝન અલગ અલગ ફ્રેન્ચાઈઝીઓ વતી રમવા છતાં ટ્રોફીને હાથ લગાવી શક્યા નથી. 10 એવા ખેલાડીઓ છે જેમણે 100થી વધુ મેચ રમી હોવા છતાં અને ઘણી ટીમોનું પ્રતિનિધિત્વ કરવા છતાં, હજુ સુધી ચમકતી IPL ટ્રોફી જીતી નથી. તેમની પાસે બધુ જ છે પણ ટ્રોફી નથી. આ 10 સ્ટાર્સમાંથી કેટલાક IPL 2026 માં તેમના અધૂરા સપનાઓને પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખશે.

10 ખેલાડીઓમાં, કેટલાક ખેલાડીઓ પાસે આગામી ટુર્નામેન્ટમાં તેમના ટાઇટલ દુષ્કાળનો અંત લાવવાની તક છે. ઋષભ પંત પહેલું નામ છે. આ ભારતીય વિકેટકીપર-બેટ્સમેન IPLમાં 125 મેચ રમ્યો છે, છતાં તે હજુ સુધી ફાઇનલ જીતી શક્યો નથી. પંત IPL ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી પણ છે. IPL 2025ની હરાજીમાં લખનૌ સુપર જાયન્ટ્સ દ્વારા તેને રૂ. 27 કરોડમાં ખરીદ્યો હતો. તે આ વખતે લખનૌને ટાઇટલ તરફ દોરી જશે કે કેમ તેના પર બધાની નજર છે.

**સ્પેશિયલ કોમેન્ટ**

IPLના સૌથી વધુ વિકેટ લેનાર બોલર યુઝવેન્દ્ર ચહલે પણ હજુ સુધી IPL ટાઇટલ જીત્યું નથી. તેમણે 174 IPL મેચ રમી છે. તે IPL 2025ની ફાઇનલમાં પહોંચેલી પંજાબ કિંગ્સ ટીમમાં સામેલ હતો, પરંતુ ટીમ ટાઇટલ મેચમાં હારી ગઈ હતી. આ સિઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમનાર સંજુ સેમસન પણ એવા કમનસીબ ખેલાડીઓમાંનો એક છે જેમણે આ લીગમાં હજુ સુધી ફાઇનલ જીતી નથી. સંજુએ IPLમાં 177 મેચ રમી છે. આ વખતે, તે નવી ફ્રેન્ચાઇઝી સાથે પોતાનું નસીબ ફેરવવાની આશા રાખશે.

ટીમ ઈન્ડિયાના બેટ્સમેન કેએલ રાહુલે પણ IPLમાં 145 મેચ રમી છે, પરંતુ તે હજુ સુધી કોઈ વિજેતા ટીમનો ભાગ બન્યો નથી. રાહુલ એક પણ વખત IPL ફાઇનલ જીતનારી ટીમનો ભાગ રહ્યો નથી. ઈન્ડિયન પ્રીમિયર લીગમાં 162 મેચ રમવા છતાં, અક્ષર પટેલ પણ એક વખત પણ ફાઇનલ જીતનારી ટીમનો ભાગ રહ્યો નથી. અક્ષર IPL 2025માં દિલ્હી કેપિટલ્સનું નેતૃત્વ કરતો જોવા મળ્યો હતો. પોતાના સ્વિંગ બોલથી બેટ્સમેનોને પરેશાન કરવામાં નિષ્ણાત સંદીપ શર્મા 137 મેચ રમવા છતાં IPL ટાઇટલ જીતનારી ટીમનો ભાગ રહ્યો નથી. સંદીપે પોતાના IPL કારકિર્દીમાં કુલ 146 વિકેટ લીધી છે અને ઘણી ફ્રેન્ચાઇઝી માટે રમ્યો છે.

એબી ડી વિલિયર્સે IPLના ઈતિહાસમાં ઘણા મોટા રેકોર્ડ બનાવ્યા છે. જોકે, ઈન્ડિયન પ્રીમિયર લીગમાં 184 મેચ રમવા છતાં, ડી વિલિયર્સ ક્યારેય કોઈ ચેમ્પિયન ટીમનો ભાગ બની શક્યો નહીં. ડી વિલિયર્સ દિલ્હી અને આરસીબી ટીમનો ભાગ હતો, પરંતુ એક પણ વાર ફાઈનલ મેચ જીતી શક્યો ન હતો. હવે તે આ લીગમાં રમતો નથી. IPLમાં ૩ હેટ્રિક લેનાર એકમાત્ર બોલર અમિત મિશ્રા પણ આ લીગમાં 162 મેચ રમ્યો હોવા છતાં આજ સુધી ચેમ્પિયન ટીમનો ભાગ બની શક્યો નથી. અમિતે પોતાના IPL કારકિર્દીમાં ઘણી મોટી ટીમો માટે રમ્યો હતો, પરંતુ ક્યારેય ફાઈનલ મેચ જીતી શક્યો ન હતો.

આ યાદીમાં સૌથી આશ્ચર્યજનક નામ ક્રિસ ગેલનું છે. ઈન્ડિયન પ્રીમિયર લીગમાં તેના નામે ઘણા મોટા રેકોર્ડ છે, પરંતુ તે ક્યારેય ટાઇટલ વિજેતા ટીમનો ભાગ રહ્યો નથી. ગેલે તેની IPL કારકિર્દીમાં કુલ 142 મેચ રમી છે. તેના નામે 175 રનની સૌથી વધુ રનની ઈનિંગ્સનો રેકોર્ડ છે. આવું જ બીજું નામ ગ્લેન મેક્સવેલનું છે. એકલા હાથે મેચનું પાસુ પલટાવવામાં સક્ષમ આ ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર, ક્યારેય IPL ફાઇનલ વિજેતા ટીમનો ભાગ રહ્યો નથી. મેક્સવેલે અત્યાર સુધી લીગમાં કુલ 141 મેચ રમી છે. તે IPL 2026નો ભાગ નથી.

**IPL ઇતિહાસમાં કેટલાક એવા નામ છે જે રેકોર્ડ તોડવાની વાત આવે ત્યારે અવવલ સાબિત થાય છે, પરંતુ જ્યારે ટ્રોફી જીતવાની વાત આવે છે, ત્યારે તેમાં તેમનો સમાવેશ થતો નથી. IPLની 19મી સીઝન 28 માર્ચથી શરૂ થવાની છે. તે પહેલાં, અહીં એવા 10 ક્રિકેટરો વિશે જાણીશું જેમણે 100થી વધુ મેચ રમી હોવા છતાં, એક પણ IPL ટ્રોફી જીતી નથી**



# આ સિઝનમાં યુવા ખેલાડીઓના જોરે વાપસી કરવાનો CSKનો ઈરાદો

IPL 2026માં ચેન્નાઇ સુપર કિંગ્સ (CSK) પોતાના યુવા ખેલાડીઓને સહારે જોરદાર વાપસી કરવાનો ઈરાદો ધરાવે છે. ગત સિઝનમાં માત્ર ચાર મેચ જીતીને છેલ્લા સ્થાને રહેલી CSKમાં આ સિઝનથી ટી-20 વર્લ્ડકપ વિજેતા વિકેટકીપર-બેટ્સમેન સંજૂ સેમસન જોડાઈ રહ્યો છે. 2008માં એમએસ ધોનીએ આવું જ કર્યું હતું, જેનાથી આ ટીમ IPLના ઈતિહાસમાં સૌથી સફળ ટીમોમાંની એક બની ગઈ. સંજુ સેમસન 2026માં પણ આવી જ અસર કરવાનો પ્રયાસ કરશે. જૂના CSK પાસે મિચેલ સેન્ટનર જેવા ખેલાડીઓ હતા, પરંતુ તેને ખૂબ ઓછી તકો મળી હતી. પરંતુ ટીમ આ સિઝનમાં હવે 20 વર્ષીય અને 19 વર્ષીય ખેલાડીને મેદાનમાં ઉતારી શકે છે, જેમણે અનુક્રમે ફક્ત નવ અને 12 ટી-20 મેચ રમી છે. પ્રશાંત વીર અને કાર્તિક શર્માને ફ્રેન્ચાઇઝી દ્વારા 14.2 કરોડમાં ખરીદવામાં આવ્યા હતા, જે ટીમની ફિલોસોફીમાં મોટો ફેરફાર દર્શાવે છે. આ પરિવર્તન ગયા સીઝનના મધ્યભાગમાં શરૂ થયું જ્યારે CSKએ આયુષ મ્હાત્રે , જે હવે અંડર-19 વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન છે, ને ઓપનર તરીકે આવ્યો હતો. તેઓએ ડેવાલ્ડ બ્રેવિસને ચોથા અને પાંચમા નંબર પર પણ મોકલાવ્યો, જે ઈનિંગ્સ બિલ્ડ કરવા અને ઝડપી બનાવવા માટે મહત્વપૂર્ણ સ્થાનો હતા. આ બંને ટીમોની સફળતા, અન્ય ટીમોના યુવા ખેલાડીઓ પરના નિર્ભરતા સાથે, CSKના વ્યૂહાત્મક પરિવર્તન તરફ દોરી ગઈ છે. આ ફેરફાર આ વર્ષે ટ્રોફી તરફ દોરી જશે કે નહીં તે સમય જ કહેશે. CSKએ રવિન્દ્ર જાડેજા અને સેમ કરનને રાજસ્થાન રોયલ્સ સાથે બદલીને સેમસનને ટ્રેડ કર્યો હતો. વીર આ ખાલી જગ્યા ભરવા માટે તૈયાર છે. તે જાડેજાનું સ્થાન લેવા માટે પણ તૈયાર છે, કારણ કે તે પાવરપ્લેમાં ડાબા હાથે બોલિંગ કરે છે. જોકે, તેનો અનુભવ હજુ પણ મર્યાદિત છે, અને UPT20 લીગનું સ્તર તે જે મેચો રમશે તેની સાથે તુલનાત્મક નથી. નવા બોલ સાથે મેટ હેનરી, ખલીલ અહેમદ અને અકીલ હુસૈન સારા વિકલ્પો હોઈ શકે છે, પરંતુ ડેથ ઓવરો માટે નિષ્ણાત બોલરો અંગે ચિંતા છે. શક્ય છે કે મથીશા પથિરાનાના ગયા પછી ચેન્નાઈ સુપર કિંગ્સ હવે ડાબા હાથના કાંડા સ્પિનર નૂર અહેમદ પાસેથી કેટલીક ઓવરો ડેથ માટે અનામત રાખે. એક સમય હતો જ્યારે CSK પાસે સ્પષ્ટ ભૂમિકા ભજવનારા ખેલાડીઓ હતા. દીપક ચહર પાવરપ્લે સંભાળતો હતો, જાડેજા વચ્ચેની ઓવરોમાં બોલિંગ કરતો હતો અને ડ્વેન બ્રાવો ડેથ ઓવરોમાં રમતને નિયંત્રિત કરતો હતો. પરંતુ હવે CSK એવી સ્થિતિમાં છે જ્યાં ખાસ કરીને બોલિંગમાં તેમને જોવાનું રહેશે કે તેમના માટે શું કામ કરે છે.

**ક્રિક ટોક**

**IPLની ગત સિઝનમાં CSK તેમની 14 મેચોમાંથી ફક્ત ચાર જીતવાના કારણે છેલ્લા સ્થાને રહ્યું હતુ. તેઓ પહેલા શરૂઆતના તબક્કામાં સતત પાંચ મેચ હારી ગયા, સતત ચાર હારનો સામનો કરવો પડ્યો હતો**